**<u>થરાદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૬૦૦૬૨૬૦૨૩૯/૨૦૨૬ પ્રોહી. કલમ ૬૫ (એફ) ના કામે આરોપી રછુબેન વા/ઓ માધાભાઈ રણછોડજી ઠાકોર, રહે.ગજાનંદ સોસાયટી, થરાદ, તા।। થરાદ, જી.વાવ-થરાદનાઓની ક્રિ.પ.અ.નં.૧૦૬/૨૦૨૬ થી જામીન અરજી લગત હુકમઃ-</u>**

૧. જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા, તથા જામીન અરજી તથા એફ.આઈ.આર વંચાણે લીધા.

૨. આરોપીએ હાલની જામીન અરજી આપી **થરાદ પો.સ્ટે ગુ.ર.નં. <u>૧૧૯૯૬૦૦૬૨૬૦૨૩૯/૨૦૨૬</u>** પ્રોહી કલમ-૬૫(એફ) મુજબના ગુન્હાના કામે જામીન ઉપર મુક્ત થવા જણાવેલ છે કે આરોપી ઉપર પ્રથમ વખતનો ગુનાનો આક્ષેપ હોઈ જામીન ઉપર મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

૩. આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે હાલના ગુનાના કામે આરોપીને તેના પરીવારની ભરણ પોષણની જવાબદારી છે, વધુમાં આરોપીએ સ્થાનીક રેહવાસી છે અને ક્યાંય નાસી-ભાગી જાય તેવી વ્યક્તિ નથી અને નામ.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરશે. જેથી આરોપીને જામીન ઉપર મુક્ત કરવા જોઈએ.

૪. ઉપરોક્ત રજુઆતો ધ્યાને લીધી. હાલના કામના આરોપી સામે પ્રોહી ૬૫ (એફ) મુજબના ગુનાની ફરીયાદ નોધાયેલ છે, એફ.આઇ.આર. વંચાણે લેવામાં આવે તો, આ કામના આરોપીના કબજા ભોગવટાના રહેણાંકના ઘરમાંથી દેશી દારુ ગાળવાનો વોશ લિટર-૩૦૦, કિંમત રૂ.૭૫૦૦/- કબ્જે કરેલ હોવાનું જણાવેલ છે અને તેમના નિવેદન મુજબ હાલના આરોપીની અટક કરવામાં આવેલ છે. તેમજ આરોપીની હાજરી બાબતે કે તેઓ તપાસમાં અડચણ કરે કે સાક્ષીઓને પ્રભાવિત કરે તેવી કોઇ હકિકત ત.ક.અ.શ્રીએ જણાવેલ નથી. તેમજ આરોપી તર્ફે વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લઇ ચર્ચા કરેલ કારણો તથા મુદામાલ તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને મુક્ત કરવા વ્યાજબી તથા ન્યાયોચિત જણાય છે. વધુમાં આ કામના આરોપી સ્થાનિક બનાસકાંઠા જિલ્લાના રહેવાસી છે અને જો આરોપીને સ્થાનિક સધ્ધર જામીન રજુ કરે કે જેથી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સુરક્ષિત

થઇ શકે તેમ જણાય છે. અને જેથી આરોપીને જેલમાં વધુ સમય સુધી રાખવા પણ ઉચિત જણાતુ ન હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ ગુજરાત રાજયની વડી અદાલતે જામીન અરજીના તબક્કે લક્ષમાં લેવા માટે આપેલ જરૂરી માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાનમાં લેતાં આરોપીને યોગ્ય તે શરતોને આધિન હું જામીન ઉપર મુક્ત કરવાનું યોગ્ય અને વ્યાજબી માની નીચે મુજબ આખરી હુકમ કરૂં છું.

**-૦- હુ ક મ -૦-**

હાલના આરોપીને રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકો લખી આપ્યેથી જામીન ઉપર નીચેની શરતોને આધીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-શ ર તો -**

(૧) આરોપીએ ગુન્હાની ચાર્જશીટ થયા બાદ કોર્ટમાં નિયમિત હાજર રહેશે.

(૨) આરોપી તથા જામીનદારે પોતાનું સરનામું ઓળખ કાર્ડ સાથે, તથા મોબાઈલ ફોન નંબર જાહેર કરવાના રહેશે. અને તેમાં કોઇ ફેરફાર થાય તો કોર્ટને લેખીતમાં જાણ કરવી.

(૩) ત.ક.અ. આરોપીને તપાસના કામે જ્યાં અને જ્યારે તપાસ માટે હાજર થવા ફરમાવે ત્યાં અને ત્યારે હાજર રહેવાનું રહેશે.

(૪) આરોપીએ ફરીયાદી કે સાહેદોને ધાક ધમકી આપવી નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહિ.

(૫) આરોપીએ ફરી આવા પ્રકારના તેમજ કોઇ બીજા ગુનામાં સંડોવાવું નહીં.

હુકમ આજ તા.૧૦મી માહે-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ - થરાદ.
તારીખ - ૧૦/૦૩/૨૦૨૬

જ્યુડી.મેજી.ફ.ક.,
થરાદ